# કોંગ્રેસના શાસનમાં દેશને ઘણું નુકસાન થયું : ભાવનાબેન દવે

**ગરીબોના હકો સીધા તેમના ખાતામાં મળતા થયા, વચેટિયા બંધ થયા : આશિષભાઈ દવે : કોંગ્રેસના શાસનમાં કોભાંડોની રાજનીતિ જોઈ છે : ધારાસભ્ય રાકેશભાઇ શાહ : અભ્યાસ દરમિયાન આપણે આપણી મનની તાકાત બનાવવાની છે : જે.ડી. પટેલ**

બાયડ તા.૨૨

ભારતીય જનતા પાર્ટી સાબરકાંઠા જિલ્લા દ્વારા જિલ્લાના ૨૧૨ અપેક્ષિત હોદ્દેદારોની ત્રણ દિવસની પ્રશિક્ષણ વર્ગ આગલોડ મણિભદ્ર વીર જૈનતીર્થ ખાતે યોજાયેલ જેના આજરોજ સમાપન સત્રમાં શ્રીમતી ભાવનાબેન દવે એ આજના ભારતની વૈચારિક મુખ્ય ધારા, આપણી વિચારધારા વિશે સંબોધતા જણાવેલ કે, પહેલા મૂડીવાદી માં વર્ગ વિગ્રહ થયો, પછી સામ્યવાદ માં એક હથ્થુ થયું પછી મીક્સ અર્થતંત્રમાં કેટલા ધંધો સરકાર સાથે મળીને ધંધો ચાલ્યો તો વ્યક્તિ રીતે પણ ધંધો ચાલ્યો જેમાં મિક્સ રાજનીતિ માં દિશા ભૂલી ગયા, તેમણે વિદેશમાં દવા કરવા વાળા વ્યક્તિઓ આપણા ભારતમાં દવા કરવા હવે આવે છે તેનું મૂળ કારણ હિન્દુસ્તાન જેવું વૈદકીય શાસન કોઈનામાં નથી જ્યારે પાકિસ્તાનના ભાગલા પડ્યા ત્યારે તેમની અને આપણી વસતી સરખી હતી આજે આપણા બે ટકા લોકો છે એટલી યાતના આપણા લોકોને આપવામાં આવે છે, દેશને સંસ્કૃતિથી જુદી પાડી ન શકાય, આપણે પંચનિષ્ઠા ના કારણે આપણી સરકાર છે, કોંગ્રેસના શાસનમાં ઘણું નુકસાન દેશને થયું ભૂતકાળમાં વડાપ્રધાન વિદેશમાં જાય ત્યારે તેમને એટલું સન્માન મળતું ન હતું આજે જ્યારે આપણા નરેન્દ્રભાઈ જેટલા દેશોમાં ગયા ત્યારે આપણી કન્ડિશનમાં ગયા અને લાલ જાજમ બિછાવી આપણા લોકો સાથે સંવાદ કર્યો આટલી શક્તિ આપણા નેતા માં છે. ભાવનાબેન દવે વધુમાં જણાવેલ કે આપણી આર્મી દુનિયા કરતાં હોશિયાર- શ્રેષ્ઠ છે, સોચાલય માટે મોદીજીએ દિલ્હીના લાલ કિલ્લા પરથી વાત કરી હતી આજે એ સાકાર થવાથી બહેનોને હાલાકી નો જે સામનો કરવો પડતો હતો તે દૂર થયો. આજે સમગ્ર ભારતમાં સોચાલય થઈ ગયા, ભગવત ગીતા વિશે વાત કરતા જણાવેલ કે, કૃષ્ણ એટલે આપણા શરીરમાં આત્મા, ભાજપમાં નિષ્ઠાવાન કાર્યકર્તા અને માર્ગદર્શક નરેન્દ્રભાઈ, અમિતભાઈ જેવા આપણને મળ્યા છે. આ સત્ર ના અધ્યક્ષ અશ્વિનભાઈ પટેલ હતા. આશિષભાઈ દવે એ કેન્દ્ર સરકારની વિકાસ ની યોજનાઓ આપણા પ્રદેશના સંદર્ભ માં જણાવેલ કે આઝાદી પછી ૬૦ વર્ષ કોંગ્રેસે રાજ કર્યું જેમાં ગરીબોને ઘર ન મળ્યું, પૂરતું શિક્ષણ ન મળ્યું, આરોગ્ય સેવાઓ ન મળી, રોજીરોટી ન મળી, તેથી લોકોએ ગુજરાતનો વિકાસ જોઈ દેશના વડાપ્રધાન માટે નરેન્દ્રભાઈ મોદીને પસંદ કર્યા તેમણે ગરીબ પરિવારોની તમામ જરૂરિયાતો પૂરી કરવાનો પ્રયાસ કર્યો અને જે કેન્દ્ર




સરકાર ગુજરાતને ફૂડ ઓઈલની રોયલ્ટી આપવામાં આનાકાની કરતી હતી તે તુરંત ચાલુ થઈ આવા અનેક નાણાં કેન્દ્ર સરકારમાંથી આપણને મળતા થયા મહિલાઓની તકલીફો દૂર કરી ઉજ્વલા યોજના થકી ઘરે ઘરે ગેસ મળ્યો જેથી મહિલાઓનું સ્વાસ્થ સારું રહે, સોચાલય બનાવ્યા, જનધન યોજના માં તમામ લોકોના ખાતા ખોલાવ્યા જેમાં જે કંઈ સરકારની યોજનાઓનો લાભ મળતા થયા જેથી વચેટિયા બંધ થયા. તે ખાતાના કારણે તેમને બે લાખ રૂપિયાનું વીમા કવચ મળ્યું, સ્વચ્છતા- છેવાડાના ઘર સુધી વિજળી મળી, ઉજ્વલા યોજના થકી એલઈડી બલ્બ, પંખા, ટ્યુબ લાઈટ આપવાની શરૂઆત કરી, આરોગ્ય આયુષ્માન ભારત નામની હેલ્થ યોજના બનાવી, સાબરકાંઠામાં બે લાખ ૪૦ હજાર જેટલા કાર્ડ અપાવ્યા, ગુજરાતને એમસ હોસ્પિટલ ની ભેટ આપી, દવાઓમાં ઓછી કિંમતે પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર માંથી મળી રહે છે. કોરોના ની રસી દેશના વૈજ્ઞાનિકો દ્વારા બનાવી અને અન્ય દેશોને પણ આપી ઉડાણ યોજનામાં અનેક નાના મોટા શહેરો સાથે વિમાન સેવા ચાલુ કરાવી, આપણી રક્ષાશક્તિ યુનિવર્સિટીને નેશનલ કક્ષાનો દરજ્જો મળ્યો, કેન્દ્ર સરકારના કારણે રેલવેને લગતી યુનિવર્સિટી અને ટ્રાન્સપોર્ટ ની વ્યવસ્થા વડોદરા કરાવી, પાલિકા- મહાનગર પાલિકામાં સ્માર્ટ સીટીનો દરજ્જો મળ્યો, પ્રધાનમંત્રી આવાસ યોજના સાબરકાંઠા માં ત્રણ વર્ષમાં ૧૬૭૦૦ મકાનો ફાળવ્યા, રસ્તાઓ માટે ૨૧૭૦ કિમી રસ્તો સ્ટેટમાંથી નેશનલ હાઈવેની યોજનામાં મુકાયા, ગાંધીનગર-સરખેજ રોડ ને કેન્દ્રની યોજનાનો લાભ મળ્યો, ગાંધીનગર કેપિટલ રેલ્વે સ્ટેશન મળ્યું આવી અનેક યોજનાઓ દ્વારા ગુજરાતને લાભ મળ્યો, આ સત્ર ના અધ્યક્ષ અશોકભાઈ જોશી હતા, ૨૦૧૪ પછી ભારતની રાજનીતિ માં આવેલ બદલાવ વિશે અમદાવાદના ધારાસભ્ય રાકેશભાઈ શાહ જણાવેલ કે વર્ષોથી આપણી પરંપરા સંગઠન અને સરકારના સમન્વય થકી કાર્યકર્તાઓને પ્રશિક્ષણ માર્ગદર્શન આપવું ઉત્સાહ ટકી રહે. અને આ યુગ પરિવર્તન નો પણ સમય છે કાર્યકર્તા પણ યુગ પરિવર્તન સાથે તાલમેલ મિલાવે કેન્દ્રનો ઉદ્દેશ છે પરમવેભવ સુધી આપણે જઈ રહ્યા છીએ આઝાદી પછી પહેલી વાર જનતાને લાગે છે આપણી સરકાર છે આપણે જે વિકાસના કામો કર્યા છે આ બદલાવ છે તેને રાકેશભાઈ શાહે પહેલા ભાજપનો કાર્યકર્તા શું હતો તેને કેટલા સંઘર્ષો કર્યા હતા આજે ભાજપનો કાર્યકર્તા નું છે તેની જાણકારી આપી હતી અને જણાવેલ કે આપણે રાજકીય પક્ષ સાથે જોડાયા છે એ ક્યારેય પક્ષ તૂટયો નથી જનસંઘથી આજ સુધી પાર્ટી મજબૂત છે અને વિચારધારા પણ પહેલાંની જેમ જ છે.જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલે સત્ર દરમિયાન જેનો સહકાર મળ્યો તે સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, સાબરડેરીના ચેરમેન જશુભાઈ પટેલ, સંઘના ચેરમેન જેઠાભાઇ પટેલ નો આભાર માની જણાવેલ કે, બાજપાઈ જીને વિચાર આવ્યો દેશના લોકો વિચાર કરે છે મારું શું થશે આ દ્વિધામાં તેમણે દેશને એક સૂત્રતા થી બાંધવાનું કાર્ય કર્યું કાર્યકર્તાનું ઘડતર, તેને નિષ્ઠા અને માર્ગદર્શન આપવાનું કામ આપણા નેતૃત્વ જ કરે છે, કાર્યકર્તા નું સિંચન કરવાનું છે કામ પણ આપણે કરવાનું છે. કમળને ખીલાવવાનું એટલે લક્ષ્મી ખીલવવાનું નહીં તેની એક એક પાંદડી પર ઈતિહાસ છે. પંડિત દિનદયાલજી થી શ્યામાપ્રસાદ મુખર્જી, બાજપેજીથી આજનું આપણું નેતૃત્વ નરેન્દ્રભાઈ ના કારણે આપણે શીખીએ છીએ અભ્યાસ દરમિયાન આપણે મનની તાકાત બનાવવાની છે.

## જન્મદિને વધામણી



દિપીકાબેન જી. જોષી
તંત્રી શ્રી, પર્ણાશા સાપ્તાહિક
મો. ૯૫૧૦૦૭૬૮૦૯

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# ખેરવા ગામે ગણપત યુનિવર્સિટીમાં 'નારી સંમેલન' યોજાયું

મહેસાણા, તા. ૨૨

મહેસાણા જીલ્લા ખેરવા ગામે ગણપત યુનિવર્સિટીખાતે ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતિ લીલાબેન અંકોલિયાઅધ્યક્ષ સ્થાનમાં નારી સંમેલનમાં મહિલાઓના આર્થિક, સામાજિક ઉત્થાન થાય તેમજ મહિલાઓ પોતાના કાયદાકીય અધિકારોથી વાકેફ થાય અને સરકારની અનેકવિધ યોજનાઓથી માહિતગાર કરવાના હેતુથી મહેસાણા જીલ્લામાં ખેરવા ગામે ગણપત યુનિવર્સિટી ખાતેગુજરાત મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતિ લીલાબેન અંકોલીયાના અધ્યક્ષસ્થાને 'નારી સંમેલન' યોજાયું હતું. ગુજરાત મહિલા આયોગના ચેરપર્સન શ્રીમતિ લીલાબેન અંકોલિયાએ જણાવ્યું કે, આયોગ પાસે આવેલ



ફરિયાદ કોર્ટમાં પહોંચે તે પહેલાં સરળતાથી નિરાકરણ થાય તેવા અભિગમ સાથે કામ કરી રહ્યુ છે. તેમજ આયોગ ક્યારેય નથી ઈચ્છતું કે કોઈનો ઘર સંસાર તૂટે, શક્ય હોય ત્યાં સુધી પ્રશ્નોનુ સમજાવટથી નિરાકરણ આવે તેવા પ્રયાસો કરવામાં આવે છે. વધુમાં જણાવ્યું હતું કે,આયોગ પુરૂષો જોડે ક્યારેય અન્યાય કરવા માંગતુ નથી. તેનો ઉલ્લેખ કરતા શ્રીમતિ અંકોલિયાએ, મહિલાઓને પુરૂષ સમોવડી બનવુ હશે તો તેમને તેમની સાથે કદમ મિલાવી કામ કરવુ પડશે અને મહિલાઓએ નાની-નાની બાબતોને મોટું સ્વરૂપ આપવાથી બચવું જોઈએ તેવો અનુરોધ તેમણે કર્યો હતો. આ સંમેલનમાં ગણપત યુનિવર્સિટીના કુલપતિશ્રી ગણપતભાઈ પટેલ વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને પ્રાસંગિક પ્રવચન આપી મહિલાઓને માર્ગદર્શન પૂરું આપ્યું હતું. આ કાર્યક્રમમાં મેનેજમેન્ટ સ્ટડી ફેકલ્ટી ડૉ. સૌરભી ચતુર્વેદી, નાયબ સુપેરિટેન્ડન્ટ પોલીસ અધિક્ષક ફેકલ્ટી ડો. મરુવિબેન વસાવડા, પ્રોફેસર રક્ષાબેન પટેલ સહિત વિદ્યાર્થીઓની ઉપસ્થિત રહ્યાં હતાં.

# હિંમતનગર લૉ કોલેજ ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત લૉ કોલેજ, હિંમતનગર ખાતે




તા.૨૨.૧૦.૨૦૨૧ ને શુક્રવાર ના રોજ લીગલ સર્વિસ ઓથોરિટી, સાબરકાંઠા અને લો કોલેજ હિમતનગર ના સંયુક્ત ઉપક્રમે વકૃત્વસ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ, જેમાં સાબરકાંઠાના પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ અને સેશન્સ જજ શ્રી. એચ. ડી. સુથાર સાહેબ તથા જિલ્લા કાનૂની સેવાસત્તા મંડળના સેક્રેટરીશ્રી એ.એ. વાયડા સાહેબ, હિંમતનગર કેળવણી મંડળના પ્રમુખશ્રી નાથાભાઈ પટેલ હાજર રહેલ તથા મંત્રીશ્રી પ્રહલાદભાઈ સોમાણી એ શુભેચ્છા પાઠવેલ.કોલેજના કા.પ્રિન્સિપાલ ડો. બિનલબેન પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ૧૪ વિદ્યાર્થી ભાઈ બહેનો એ ભાગ લીધેલ. નિર્ણાયક તરીકે ડૉ. બિનલ પટેલ તથા ડૉ. વૈદેહી પંડયા એ ભૂમિકા નિભાવેલ તથા વિજેતા વિદ્યાર્થીઓ ને ટ્રોફી તેમજ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ ને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવેલ. આ તમામ કાર્યક્રમ નું સંચાલન ડૉ વૈદેહી પંડ્યા ધ્વારા કરેલ અને અંતે આભારવિધિ ડૉ પારસ જોષી ધ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યા માં વિદ્યાર્થી ભાઈ બહેનો, સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.

# ધાનેરા નગરપાલિકા દ્વારા ભીલવાસ પ્રાથમિક શાળામાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન

ધાનેરા તા. ૨૨

ધાનેરા માં આવેલ ભીલવાસ પ્રાથમિક શાળામાં ધાનેરા નગરપાલિકા દ્વારા શહેરી વિભાગના સેવા સેતુ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૧ જેટલી વિવિધ કામો લોકોને કરી આપવા માટે ની સેવા નું આયોજન સ્કૂલ માં કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં ધાનેરા નગરપાલિકાના ચીફ ઓફિસર એસ.એમ અન્સારી નગરપાલિકા પ્રમુખ સહીત કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને લોકોએ પણ વિવિધ સેવાનો લાભ લીધો હતો.



# ભિલોડા પોલીસ સ્ટેશનમાં દિવાળીના તહેવાર સંદર્ભે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

## વેપારીઓ, સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા

ભિલોડા,તા. ૨૨

ભિલોડા તાલુકા મથક ખાતે પોલીસ સ્ટેશન પરિસરમાં પી.એસ.આઈ એમ.જી.વસાવાના



અધ્યક્ષ સ્થાને દિવાળીના તહેવાર નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.દિવાળીના તહેવાર નિમિત્તે વેપારીઓએ સાવધાની અવશ્ય રાખવી તેમ પી.એસ.આઈએ જણાવ્યું હતું.શિયાળાની ફુલ ગુલાબી ઠંડીનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે રાત્રી દરમ્યાન દરેક વેપારીઓએ સલામતીના ભાગરૂપે દરેક દુકાનદારોએ દુકાન આગળ ૦ નો બલ્બ શરૂ રાખવો જોઈએ તેમ જણાવ્યું હતું. ભિલોડા વેપારી એસોશીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી,કાપડ એસોશીએશન પ્રમુખ કલ્પેશભાઈ ચૌહાણ, કરીયાણા એસોશીએશન પ્રમુખ લાલભાઈ પુરશવાણી, સલુન એસોશીએશન પ્રમુખ નરેન્દ્રભાઈ ભાટીયા, અમિતભાઈ ત્રિવેદી, પિયુષભાઈ ઉપાધ્યાય, દેવનદાસ મેઘાણી, રાજેશભાઈ પંડ્યા,જશુભાઈ પંડ્યા, ભરતભાઈ ત્રિવેદી, પરાગભાઈ ભગોરા સહિત સામાજીક આગેવાનો અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



અરવલ્લી જિલ્લા પોલીસ વડા શ્રી સંજય ખરાત માર્ગદર્શન હેઠળ પોલીસ શહીદ દિન નિમિત્તે ૨૧ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ ઈન્ડીયન રેડકોસ સોસાયટી મોડાસા ના સહયોગથી બાયડ પોલીસ સ્ટેશન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં બાયડ પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી એસ.એન.પટેલ સાઠંબા પોલીસ સ્ટેશન ના પીએસઆઈ શ્રી એમ.ડી .ગઢવી તથા આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ શ્રી આર.એમ. ડામોર તેમજ બાયડ ઈન્ડિયન રેડ કોર્સ સોસાયટી બાયડ તાલુકાના ચેરમેન દેવચંદભાઈ પરમાર વાઈસ ચેરમેન ડોક્ટર બી.પી .ચૌધરી તથા શ્રી ડી. ડી. મકવાણા અને કુમુદ ભાઈ. ભાવસાર વિગેરે હોદ્દેદારો હાજર રહ્યા હતા તથા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી કપડવંજ બ્લડ બેંકના રાહુલ ભાઈ પરમાર તેમજ સ્ટાફ દ્વારા સુંદર કામગીરી બજાવી હતી અને પોલીસ સ્ટાફ અને હોમ ગાર્ડ તથા જીઆરડી જવાનોએ રક્તદાન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને ૩૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

# બનાસડેરીએ મેળવી વધુ એક સિદ્ધિ, વૈજ્ઞાનિક ઢબે કર્યો મહેસાણી ભેંસના દૂધના ઉત્પાદનમાં વધારો!

પાલનપુર,તા. ૨૨

એશિયાની સૌથી મોટી બનાસડેરી દ્વારા પશુપાલન માટે અનેક પ્રકારની યોજનાઓ અમલમાં મુકાયેલી છે, જેનો લાભ મેળવીને બનાસકાંઠાના



લાખો પશુપાલકો પશુપાલન વ્યવસાય થકી બમણી આવક મેળવતા થયા છે. તાજેતરમાં બનાસડેરીએ મહેસાણી ભેંસના સંવર્ધન માટે ચાલતી પ્રોજેની ટેસ્ટીંગ યોજના અંતર્ગત મહેસાણી ભેંસના સંવર્ધન અને એક મહેસાણી ભેંસ દીઠ વધુ દૂધ ઉત્પાદન કરવામાં સફળતા મેળવી છે, જે પશુપાલન વ્યવસાય ક્ષેત્રે એક સિદ્ધિ છે.

બનાસડેરીએ વૈજ્ઞાનિક ઢબે ઉછેર, માવજત, આરોગ્ય જાળવણી અને પશુ સંવર્ધન કરીને મહેસાણી ભેંસના દૂધ ઉત્પાદનમાં વધારો કરવાનો સફળ પ્રયાસ કર્યો છે. જેના પાછળ એક માત્ર હેતુ એ હતો કે પશુપાલકો વધુમાં વધુ દૂધ ઉત્પાદન મેળવી તેમની આવકમાં સીધો વધારો થાય અને તેમનું જીવન ધોરણ ઊંચું આવે.

મહેસાણી ભેંસ પશુપાલન વ્યવસાયમાં મહત્વપૂર્ણ એક ઓલાદ છે. જેને દરેક પશુપાલક પાળવા માંગતા હોય છે અથવા પાળતા હોય છે, કારણ કે બાંધો માપનો હોવાથી આહારને દૂધમાં પરિવર્તિત કરવાની તેની ક્ષમતા અત્યંત નોંધપાત્ર હોય છે. મુંબઈ જેવા મહાનગરમાં અહીંથી જ આ મહેસાણી ભેંસો દૂધ માટે વર્ષોથી લઈ જવાતી રહી છે. બનાસડેરીએ પણ પશુપાલકોના હિતમાં વિચારીને બનાસકાંઠાની અંદર મહેસાણી ભેંસ ઓલાદ સુધારણા તથા ઉત્પાદકતા વૃદ્ધિ કાર્યક્રમ એટલે કે પ્રોજેની ટેસ્ટીંગ યોજના શરુ કરી. મહેસાણી ભેંસ સંવર્ધન કાર્યક્રમ શરુ કરવાનો બનાસડેરીનો સ્પષ્ટ ઉદ્દેશ્ય છે કે મહેસાણી ભેંસોમાં બીજદાનનો વ્યાપ વધે અને વૈજ્ઞાનિક બીજદાનથી આવનારી નવી પેઢીમાં દૂધ ઉત્પાદન વધે, વધુમાં વધુ લોકો ભેંસ ઉછેર કરતાં થાય.

# બાંગ્લાદેશમાં હિંદુઓ પરના અત્યાચારને વખોડી કાઢતું વિશ્વ હિન્દુ પરિષદ

**જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી હિન્દુઓને સુરક્ષા અને વળતર આપવાની માંગ**

પાલનપુર તા. ૨૨

ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં તાજેતરમાં હિંદુઓ પર થયેલા અમાનુષી અત્યાચારના દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પાલનપુર ખાતે બાંગ્લાદેશમાં હિંદુઓ પર થયેલા અત્યાચારને વખોડી કાઢતા વિરોધ પ્રદર્શિત કરી કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરાયું હતું. તાજેતરમાં બાંગ્લાદેશમાં દુર્ગા પુજા દરમિયાન હિંદુઓ પર વ્યાપક હુમલાઓ કરી અમાનુષી અત્યાચાર આચરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશ માં દુર્ગા પૂજા દરમિયાન ૨૨ જિલ્લાઓ માં હિંસા ફાટી નીકળી હતી. જેમાં વિધર્મીઓ દ્વારા ૧૫૦ જેટલા દુર્ગા પૂજાના પંડાલ ને તહસ નહસ કરી દેવાયા હતા. જે હુમલાઓના વિરોધમાં આજે પાલનપુર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઉગ્ર સૂત્રોચ્ચાર કરી વિરોધ જતાવતા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી હિન્દુઓની સુરક્ષા સાથે તેઓને થયેલા નુકસાનનું વળતર ચૂકવવાની માંગ કરાઈ હતી.

# રોટરી કલબ ડીસા દ્વારા આતિથ્ય થાળનો શુભારંભ

ડીસા, તા. ૨૨

સેવા સદભાવના અને મૈત્રી ને વરેલી રોટરી



ક્લબ ડીસા દ્વારા લોકો ને શુદ્ધ અને સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન મળે તે ઉદેશ થી શરદ પૂનમ ના દિવસે રોટરી હોલ ડીસા ખાતે આતિથ્ય થાળ ની શરૂઆત કરવામાં આવી હતી.આ પ્રસંગે રોટરી ડીસ.૩૦૫૪ ના ડીસટ્રીક ગવર્નર શ્રી અશોક મંગલ પધાર્યા હતા જેમણે રોટરી કલબ ડીસા ના આ પ્રેરણા રૂપ કાર્ય ને બિરદાવ્યું હતું તેમજ મહેશભાઈ દ્વારા આ પ્રોજેક્ટ માંથી થતો નફો રોટરી દ્વારા ચાલતા સેવા કાર્યો માં વાપરવા નો નિર્ધાર કર્યો હતો. રોટરી પ્રમુખ ડૉ પ્રવીણભાઈ દ્વારા સૌ મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી ને સ્વાગત કરવા માં આવ્યું હતું સૌ રોટરિયન મિત્રો માટે પ્રકાશભાઈ તરફ થી સુંદર ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી હતી. આસિસ્ટન્ટ ગવર્નર શાંતિભાઈ સહિત ઘણા બધા રોટરિયન મિત્રો હાજર હતા કાર્યક્રમ ના અંતે સેક્રેટરી ડો.ગોપાલભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી તેમજ ડીસા નગર ના વધુમાં વધુ લોકો આતિથ્ય થાળ નો લાભ લે તે માટે અપીલ કરવામાં આવી હતી.